## આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : કલ્પના શાહ

## કોમ્પ્યુટરાઈઝડ : આશિષ શાહ

## તા. ૨૬–૧૧–૨૦૨૪ સમય : સવારે ૬.૫૦

---

**બંધારણ દિવસ :**

સરકારે ભારતીય બંધારણને અંગીકાર કરવાના 75 વર્ષ નિમિત્તે આજથી એક વર્ષ સુધી ઉજવણી કરવાની જાહેરાત કરી છે. દેશભરમાં થનારી આ ઉજવણી 26 નવેમ્બર , 2025 સુધી ચાલશે. 26 નવેમ્બર, 1949નાં રોજ ભારતની બંધારણ સભાએ બંધારણનો સ્વીકાર કર્યો હતો, જેનો અમલ 26 જાન્યુઆરી, 1950નાં રોજથી થયો હતો.

ઉજવણીનાં ભાગ રૂપે હાથ ધરાનારી પ્રવૃત્તિઓની વિગતો આપતા સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ નવી દિલ્હીમાં જણાવ્યું કે, આજે સંવિધાન સદનનાં મધ્યસ્થ ખંડમાં ભવ્ય કાર્યક્રમ યોજાશે , જેમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બંને ગૃહોનાં સભ્યોને સંબોધન કરશે. તેમણે જણાવ્યું કે, આ ઉજવણી માત્ર સંસદની જ નહીં, પણ સમગ્ર દેશની છે.

એક વર્ષ ચાલનારી આ ઉજવણી હમારા સંવિધાન , હમારા સ્વાભિમાન શિર્ષક હેઠળ થશે. નાગરિકો બંધારણનાં વારસાને જાણી શકે તે માટે ખાસ વેબસાઇટ Constitution75.com બનાવવામાં આવી છે. નાગરિકો આ વેબસાઇટ પરથી પોતાની પસંદગીની ભાષામાં બંધારણનું આમુખ વાંચીને ઝૂંબેશમાં ભાગ લઈ શકે છે. વેબસાઇટ પર આ વિડીયો અપલોડ કરીને તેઓ સહભાગિતા અંગેનું પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકે છે.

**નેશનલ ન્યુઝ**

---

## રાજ્યપાલ – સંવિધાન દિવસ શપથ :

રાજ્યપાલ આચાર્ય ગઈકાલે ગાંધીનગર ખાતે દેશભરમાં ઉજવાઇ રહેલ સાંપ્રદાયિક સદ્દભાવ અભિયાન સપ્તાહની ઉજવણી અંતર્ગત રાજભવનના અધિકારીઓ અને કર્મચારીઓને દેશની આઝાદી તથા અખંડતા જળવાઈ રહે તે માટે સમર્પિત થઈને સેવારત રહેવાના શપથ લેવડાવ્યા હતા.

રાજ્યપાલે આજે 26 નવેમ્બર-બંધારણ દિવસ સંદર્ભે ભારતને સંપૂર્ણ પ્રભુત્વ સંપન્ન સમાજવાદી પંથ નિરપેક્ષ લોકતંત્રાત્મક ગણરાજ્ય બનાવવા અને નાગરિકોને રાષ્ટ્રની એકતા અને અખંડતા સુનિશ્ચિત કરતી ભાઈચારાની ભાવનાની અભિવૃદ્ધિ માટે સંકલ્પબદ્ધ રહેવાના શપથ લેવડાવ્યા હતા.

**પ્રાદેશીક સમાચાર**

---

## ભારતીય બંધારણ દિવસ :

સમગ્ર દેશમાં દર વર્ષે 26મી નવેમ્બરને ભારતીય બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. બંધારણીય મૂલ્યોને પ્રોત્સાહન આપવા અને બંધારણની જોગવાઇઓથી નાગરિકો માહિતગાર થાય તે માટે વર્ષ 2015માં બંધારણ દિવસની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

**પ્રાદેશીક સમાચાર**

---

## જીપીએસસી–સંમતિ પત્રક :

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવનારી રાજ્ય વેરા નિરીક્ષક અધિકારી પરીક્ષામાં ઉમેદવારોએ સંમતિપત્રક ભરવું પડશે.

ગુજરાત જાહેર સેવા આયોગના ચેરમેન હસમુખ પટેલે ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે તાજેતરમાં લેવામાં આવેલી કેટલીક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. જેનાથી સરકારના પૈસા અને સમય વેડફાય છે. જેના પરિણામે આ પરીક્ષામાં સંમતિ પત્રક લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**પ્રાદેશીક સમાચાર**

---

## પ્રખરતા શોધ કસોટી :

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ 9 ના વિદ્યાર્થીઓ માટેની પ્રખરતા શોધ કસોટી આગામી 30મી જાન્યુઆરી 2025ના રોજ લેવામાં આવશે.

પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્ર આજથી 10મી ડિસેમ્બર સુધી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ gseb.org અથવા Prakharta.gseb.org. પરથી ઓનલાઇન ભરી શકાશે. પરીક્ષા માટે આવેદનપત્ર ભરનારે બેન્ક ખાતા મુજબનું નામ, બેન્ક ખાતા નંબર, બેન્કની શાખા, IFSC કોડ વગેરેની વિગતો ભરવાની રહેશે. પરિણામ જાહેર થયા બાદ મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને પુરસ્કારની રકમ બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

**પ્રાદેશીક સમાચાર**

---

## જીલ્લા સરકારી વકીલ નિયુક્તિ :

મુખ્ય જિલ્લા સરકારી વકીલ તરીકે જિલ્લાના અધિક સરકારી વકીલ એચ. બી. જાડેજાને હવાલો સોંપવામાં આવ્યો છે. જિલ્લામાં સરકારી વકીલ અને પબ્લિક પ્રોસિક્યુટર તરીકે ફરજ બજાવતા કે. સી. ગોસ્વામીની નિમણૂકની મુદત તા. 30/6/23ના પૂર્ણ થઇ ગઇ હતી, ત્યારબાદ પણ તેમની સેવાઓ ચાલુ રહી હતી. આ વચ્ચે ગઈકાલે ગુજરાત સરકાર કાયદા વિભાગ તરફથી જાહેરનામું બહાર પાડી તાત્કાલિક અસરથી તેઓની સેવાઓ સમાપ્ત કરી તેમના સ્થાને એચ. બી. જાડેજાને હવાલો સોંપાયાનું જાહેર કરાયું છે. 26 વર્ષનો વકીલાત ક્ષેત્રનો અનુભવ ધરાવતા હરેન્દ્રસિંહ બી. જાડેજા છેલ્લા 12 વર્ષથી સરકારી વકીલ તરીકેના કેસો લડી રહ્યા છે.

**એન પી**

---

## અવસાન :

આકાશવાણી ભુજ ના નિવૃત્ત કર્મચારી સેમસન સ્ટુઅર્ટ નું અવસાન થયું છે તેમણે ઘણા વરસો સુધી આકાશવાણી ભુજના ચોથા વર્ગ નાં .કર્મચારી તરીકે ફરજ બજાવી હતી

**આરએનયુ ઓફીસ**

---

## **ક્રિકેટ :**

પર્થમાં રમાયેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં ભારતે ઓસ્ટ્રેલિયા વિરુધ્ધ 295 રનથી ભવ્ય વિજય મેળવ્યો છે. આ જીત ભારતની સૌથી મોટી જીતમાંની એક છે.

ભારતીય કેપ્ટન જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજે ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી. બુમરાહને પ્લેયર ઓફ ધ મેચનો ખિતાબ આપવામાં આવ્યો.

વિરાટ કોહલીની અણનમ સદી અને યશસ્વી જયસ્વાલનાં 161 રનની શાનદાર ઇનિંગની મદદથી ભારતે યજમાન ટીમ સામે 534 રનનો વિશાળ લક્ષ્ય મૂક્યો હતો.

**નેશનલ ન્યુઝ**

---

---